# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR - 388 120 (GUJARAT) INDIA

NAAC Accreditation CGPA 3.25 Grade - 'A'

Website : www.spuvvn.edu Phone No. (02692) 226867, 226807


એકેડેમિક વિભાગ

નં./ડી/૨૦૨૦-૨૧/૧૫૦ તા. ૧૩/૦૮/૨૦૨૦

અગત્યનો પરિપત્ર

પ્રતિ,

(૧) આચાર્ય શ્રી,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજો
( આણંદ તથા ખેડા જિલ્લો )

(૨) વડાશ્રી,
અનુસ્નાતક વિભાગો,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર.

વિષય:-અનલોક ૩.૦ (તબક્કાવાર રી.ઓપનીંગ) અંતર્ગત માર્ગદર્શક સૂચનાઓ તથા ઓફલાઈન પરીક્ષાઓ યોજવા અંગે.

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગનો તારીખ: ૧/૭/૨૦૨૦ નો સમાનાંકી પત્ર
(૨) ભારત સરકારના ગૃહમંત્રાલયનો તારીખ: ૨૯/૭/૨૦૨૦ નો ઓર્ડર નં.૪૦-૩/૨૦૨૦-DM આઈ(A)
(3) શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧ તા. ૦૭/૦૮/૨૦૨૦
(૪) શિક્ષણ વિભાગના પરિપત્ર ક્રમાંક: કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧ તા. ૧૦/૮/૨૦૨૦

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભમાં સંબંધકર્તા કોલેજો/વિભાગોને જણાવવાનું કે કોવિડ-૧૯ ની મહામારીને ધ્યાનમાં રાખીને યુનિવર્સિટી સંલગ્ન કોલેજો/વિભાગોમાં શિક્ષણ વિભાગના ઉપરોક્ત પરિપત્રથી માર્ગદર્શક સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. હાલમાં સંદર્ભદર્શિત (૨) ના પત્રથી ભારત સરકારના ગૃહમંત્રાલય ધ્વારા અનલોક ૩.૦ ની માર્ગદર્શિકા બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ તા. ૩૧/૮/૨૦૨૦ સુધી બંધ રાખવા નિર્ણય કરેલ છે. અન્ય સૂચનાઓ સ્વયં સ્પષ્ટ છે તે મુજબ કાર્યવાહી કરવાની આથી તાકીદ કરવામાં આવે છે. વધુમાં જણાવવાનું કે શૈક્ષણિક સ્ટાફ ઓનલાઈન ટીચીંગ ઘરેથી કરી શકશે.

યુનિવર્સિટી વિભાગના અધ્યક્ષશ્રી/યુનિવર્સિટી સેક્શનના વડાશ્રી/કોલેજના આચાર્યશ્રી પોતાની કોલેજ/વિભાગ ની કામગીરી ની અનિવાર્યતા નક્કી કરી કર્મચારીની હાજરી અંગે જરૂરી વ્યવસ્થા કોવિડ-19 ગાઈડ લાઈન મુજબ કરવાની રહેશે. કોલેજ/વિભાગના આચાર્ય/વડાશ્રીઓ ધ્વારા પ્રવેશ, પરીક્ષા, પરિણામ તથા આવશ્યક સેવાઓ સબંધે બોલાવેલ કર્મચારીઓએ કોવિડ-19ની ગાઈડ લાઈનનું પાલન કરી કામગીરી કરવાની રહેશે.

વધુમાં શિક્ષણ વિભાગના તા. ૮/૭/૨૦૨૦ તથા તા. ૧૦/૮/૨૦૨૦ ના પરીપત્રો અન્વયે યુનિવર્સિટી ધ્વારા પોતાના વિસ્તારની પરિસ્થિતને ધ્યાને લઈને તેમજ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી અને સ્ટાફની આરોગ્યલક્ષી સુરક્ષાને ધ્યાને રાખીને ભારત સરકારના પ્રોટોકોલ/ગાઈડલાઈન્સ મુજબ તા.૩૦/૦૯/૨૦૨૦ સુધીમાં પરીક્ષા પૂર્ણ કરી શકશે તે બાબતે જાણ કરવામાં આવેલ છે. તે મુજબ પરીક્ષાઓ અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

પ્રવર્તમાન અસામાન્ય આપદાના સંજોગોમાં રાજ્ય સરકાર અને યુનિવર્સિટીને આપનો સહકાર અપેક્ષિત રહેશે. ઉપરોક્ત રાજ્ય સરકારશ્રી ના પરિપત્રનું ચુસ્તપણે પાલન કરવા વિનંતી છે.

કાર્યકારી કુલસચિવ

નકલ સવિનય રવાના :-

(૧) નિયામકશ્રી, જી.એચ.પટેલ કમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ જરૂરી જાણ સારૂ તથા યુનિ. વેબસાઈટ ઉપર મૂકવા આગળની ઘટતી કાર્યવાહી કરવા સારૂ.

(૨) પરીક્ષા વિભાગ તરફ જાણ સારું.

(૩) કુલપતિશ્રી ના અંગત મદદનીશ તરફ જાણ સારૂ.